॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# પંચાયતી રાજમાં મહિલા સરપંચની ભૂમિકા : દશા અને દિશા

**Dr.Diptiba Kishorsinh Gohil**
**Assistant Professor**
**Head, Department of Political Science**
**Dr.Babasaheb Ambedkar Open University,**
**Ahemdabad.**

**સારાંશ**

ભારતની સંસ્કૃતિ સમગ્ર વિશ્વમાં અનોખું અને વિશિષ્ટ સ્થાન ધરાવે છે. પ્રાચીન સમયથી જ ભારતે સ્થાનીય સ્વશાસનનો ખ્યાલ સ્વીકાર્યો છે. સિંધુખીણની સંસ્કૃતિથી લઈ આધુનિક સમય સુધી સ્થાનીય સ્વશાસનની સંસ્થાઓ અવિરત રીતે પોતાનું કાર્ય કરી રહી છે. સમય અને સ્થળ પ્રમાણે માત્ર તેનું નામ, સ્વરૂપ અને કાર્ય પદ્ધતિ બદલાઈ છે. બધાનો હેતુ સમાન હતો. પ્રાચીન ભારતમાં સ્ત્રીઓ પણ જાહેર જીવનમાં અગત્યની ભૂમિકા ભજવતી હતી. ગાર્ગી, મૈત્રયી, લોપામુદ્રા, વિશ્વાધારા,રિક્તા, વિભાવરી, ઘોષા વગેરે વિદુષી નારીઓ તેનાં ઉત્તમ ઉદાહરણો છે. સ્થાનિક સ્વશાસનમાં સ્ત્રીઓની ભાગીદારી અંગેનાં વિચારબીજ પ્રાચીન સમયની 'વિદથ' સંસ્થામાં પડેલા છે. આ વ્યવસ્થાને સ્ત્રીઓને જાહેર ક્ષેત્રમાં રસ લેતી કરવાનો અને સ્ત્રીઓને ભાગીદાર બનાવવાનાં પ્રયાસ તરીકે વર્ણવી શકાય. સૌશા, સુર્યા, વાવટામહિષી જેવી સ્ત્રીઓ 'વિદથ'માં ભાગ લેતી હતી. મધ્યયુગમાં પિતૃપ્રધાન સમાજમાં સ્ત્રી-પુરૂષોમાં લિંગભેદનાં પાયા ઉપર દરજ્જા અને તકની અસમાનતા હતી. બ્રિટીશ યુગ દરમિયાન આધુનિક શિક્ષણ, સમાજ-સુધારણાની પ્રવૃત્તિઓ, ઉદારમતવાદ અને લોકશાહી મૂલ્યોને કારણે તથા આધુનિક સમયમાં મહિલાઓને અપાયેલા બંધારણીય અધિકારો, વ્યાવસાયિક ગતિશીલતા જેવાં પરિબળોનાં પ્રભાવને કારણે સ્ત્રીઓનું સ્થાન અને ભૂમિકામાં પરિવર્ન આવ્યું છે. પંચાયતી રાજમાં મહિલાઓની ભૂમિકા એ નવી વાત નથી પરંતુ નવા સંદર્ભમાં તેને તપાસવાનો સમય આવી ગયો છે.

**ચાવીરૂપ શબ્દો :** સમરસ ગામ યોજના , મહિલા સશક્તિકરણ

**મહિલા સરપંચનાં કાર્યો અને જવાબદારીઓ**

- સરપંચની સૌ પ્રથમ જવાબદારી પોતાનાં ગામનો સર્વાંગી વિકાસ કરવાની છે. ગામની સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની છે. લોકોનું જીવન ગુણવત્તાયુક્ત બને તે જોવાની નૈતિક જવાબદારી પણ સરપંચની છે.
- આ હેતુ પૂર્ણ કરવા માટે આયોજન કરવું. બજેટ બનાવવું, મંજૂર કરાવવું, મિટીંગ બોલાવવી, બેઠકમાં પ્રમુખ સ્થાન લઈ તેનું સંચાલન કરવું.
- કાર્યોનું વિભાજન કરવું અને દેખરેખ રાખવી.
- બીલ મંજૂર કરવા, ચૂકવણીનાં ચેક લખવા, જરૂર હોય ત્યાં રીફંડ આપવા સહિત નાણાકીય જવાબદારી નિભાવવી અને પંચાયતના ફંડનો વહીવટ કરવો.
- જરૂરી પત્રકો, રેકર્ડ નિભાવવા.
- ગ્રામીણ વિકાસ માટે લાંબાગાળાની તથા ટૂંકાગાળાની યોજનાઓ તૈયાર કરવી.
- ગ્રામ્ય વિસ્તારમાં થતા બધા જ પ્રકારનાં કાર્યક્રમોનું ધ્યાન રાખવું.
- ખેતી, ઉદ્યોગ, પાણી, સ્વાસ્થ્ય, વિજળી, રસ્તા વગેરે સેવાઓનો લાભ લોકોને મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરવી.
- સરદાર આવાસગ્રામ યોજના, પંચવટી યોજના, ઈ-ગ્રામ વિશ્વગ્રામયોજના, સમરસ ગ્રામયોજના, નિર્મળ ગુજરાત, સ્વસ્થ ગામ યોજના, તીર્થ પાવન યોજના, અર્બન ડ્રેનેજ પ્રોજેક્ટ યોજના વગેરે જેવી યોજનાઓની માહિતી રાખવી અને તેનો લાભ ગ્રામીણ વિકાસમાં લેવો.
- નાગરિક સુવિધાનાં કાર્યો, ગ્રામવિકાસનાં કાર્યો, સામાજિક કલ્યાણને લગતાં કાર્યો, રોજગારી અને ઉત્પાદનલક્ષી કાર્યો, આયોજન અને વહીવટને લગતાં કાર્યો કરવા.

**મહિલા સરપંચ અને સમરસ ગામ યોજના**

ગ્રામ પંચાયત સર્વ સંમતિથી રચાય તેવી સમરસ ગામ પંચાયત યોજના ગુજરાતમાં અમલમાં છે.પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ દ્વારા સમરસ પંચાયતને પ્રોત્સાહન સ્વરૂપે નીચે પ્રમાણે અનુદાન આપવાની જોગવાઈ કરવામાં આવી છે. સામાન્ય સમરસને નીચે મુજબ અનુદાન આપવામાં આવે છે.

## સામાન્ય સમરસ

| ક્રમ | વસતિ | **પ્રથમ વખત સામાન્ય સમરસ બને તો** | **સતત બીજી વખતની ચૂંટણીમાં સામાન્ય સમરસ બને તો** | **સતત ત્રીજી વખતની ચૂંટણીમાં સામાન્ય સમરસ બને તો** |
|---|---|---|---|---|
| ૧ | ૫,૦૦૦ સુધી | ૨,૦૦,૦૦૦/- (બે લાખ) ધોરણ-૮ની સગવડ આપવી. | ૨,૫૦,૦૦૦/- (બે લાખ પચાસ હજાર) (સી.સી. રોડ માટે રૂા. બે લાખ) | ૩,૧૨,૫૦૦/- (ત્રણ લાખ બાર હજાર પાંચસો) (સોલાર લાઇટ માટે રૂા. ત્રણ લાખ) |
| ૨ | ૫૦૦૧ થી ૧૫૦૦૦ સુધી | ૩,૦૦,૦૦૦/- (ત્રણ લાખ) ધોરણ-૮ ની સગવડ આપવી | ૩,૭૫,૦૦૦/- (ત્રણ લાખ પંચોતેર હજાર) (સી.સી. રોડ માટે રૂા. બે લાખ) | ૪,૬૮,૭૫૦/- (ચાર લાખ અડસઠ હજાર સાતસો પચાસ) (સોલાર લાઇટ માટે રૂા. ત્રણ લાખ) |

## મહિલા સમરસ

| ક્રમ | વસતિ | પ્રથમ વખત **સામાન્ય** સમરસ બને તો | સતત બીજી વખતની ચૂંટણીમાં **સામાન્ય** સમરસ બને તો | સતત ત્રીજી વખતની ચૂંટણીમાં **સામાન્ય** સમરસ બને તો |
|---|---|---|---|---|
| ૧ | ૫,૦૦૦ સુધી | ૩,૦૦,૦૦૦/- (ત્રણ લાખ) ધોરણ-૮ ની સગવડ આપવી | ૩,૭૫,૦૦૦/- (ત્રણ લાખ પંચોતેર હજાર) (સી.સી. રોડ માટે રૂા. બે લાખ) | ૪,૬૮,૭૫૦/- (ચાર લાખ અડસઠ હજાર સાતસો પચાસ) (સોલાર લાઇટ માટે રૂા. ત્રણ લાખ) |
| ૨ | ૫૦૦૧ થી ૧૫૦૦૦ સુધી | ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ) ધોરણ-૮ ની સગવડ આપવી | ૬,૨૫,૦૦૦/- (છ લાખ પચ્ચીસ હજાર) (સી.સી. રોડ માટે રૂા. બે લાખ) | ૭,૮૧,૨૫૦/- (સાત લાખ એકયાસી હજાર બસો પચાસ) (સોલાર લાઇટ માટે રૂા. ત્રણ લાખ) |

| વર્ષ | ચુટણી યોજાયેલ ગ્રામ પંચાયતોની સંખ્યા | સમરસ ગ્રામપંચાયત | તે પૈકી મહિલા સમરસ |
|---|---|---|---|
| ૨૦૦૧-૦૨ | ૧૦૪૬૭ | ૨૮૫૭ | ૧૭ |
| ૨૦૦૨-૦૩ | ૧૬૮૦ | ૬૨૧ | ૦ |
| ૨૦૦૩-૦૪ | ૧૫૮૬ | ૪૨૩ | ૦ |
| ૨૦૦૪-૦૫ | ૬૮ | ૧૪ | ૦ |
| ૨૦૦૬-૦૭ | ૧૦૩૫૫ | ૨૮૬૪ | ૧૩ |
| ૨૦૦૭-૦૮ | ૨૦૦૪ | ૭૧૪ | ૫ |
| ૨૦૦૮-૦૯ | ૧૪૨૯ | ૪૩૨ | ૪ |
| ૨૦૦૯-૧૦ | ૭૦૨ | ૧૯૯ | ૨ |
| ૨૦૧૦-૧૧ | ૦ | ૧૨૪ | ૦ |
| ૨૦૧૧-૧૨ | ૧૦૪૦૫ | ૨૧૨૩ | ૨૫૦ |
| ૨૦૧૨-૧૩ | ૧૭૨૮ | ૪૨૨ | ૭૧ |
| ૨૦૧૩-૧૪ | ૧૪૨૭ | ૨૯૦ | ૩૦ |
| કુલ | ૪૧૮૫૧ | ૧૧૦૮૩ | ૩૯૨ |

ગુજરાતમાં 2001-02 થી 2006-07 સુધીમાં 30 ગ્રામ પંચાયતો સંપૂર્ણ મહિલા સમરસ હતી. 2007-08 થી 2010-11 ઘટાડો થઇ 11 ગ્રામ પંચાયતો મહિલા સમરસ બની. 2011-2012 માં 250 મહિલા સમરસ હતી. જે અત્યાર સુધીની સૌથી વધુ મહિલા સમરસ હતી. 2013-2014 સુધીમાં કુલ 392 મહિલા સમરસ ગ્રામ પંચાયત બની.

**મહિલા સરપંચને અવરોધતા પરિબળો**

- સામાજિક અને કૌટુંબિક અવરોધો
- જ્ઞાતિવાદી અને પક્ષીય રાજકારણ
- શિક્ષણ અને સ્વયંભૂ જાગૃતિનો અભાવ
- નાણાકીય અને વહીવટી પ્રશ્નો સમજવામાં અને તેનાં ઉકેલમાં ઊભી થતી મુશ્કેલીઓ
- રાજકીય નેતૃત્વની તાલીમનો અભાવ
- પંચાયતી રાજને લગતી સરકારની યોજના, બંધારણીય જોગવાઈઓ અંગેની યોગ્ય જાણકારીનો અભાવ
- પરાવલંબી સ્વભાવ

## મહિલા સરપંચ માટે જરૂરી મહિલા સશક્તિકરણ

મહિલા સશક્તિકરણ એક વિકસતી સંકલ્પના છે. તે દર્શાવે છે કે સત્તા દમન અને શોષણ માટે નથી પરંતુ સહકાર અને વિકાસ માટે છે. મહિલા સરપંચનું સશક્તિકરણ ભવિષ્ય માટે એવી પરિસ્થિતિ ઈચ્છે છે જ્યાં સ્ત્રીઓ અને પુરૂષો સમાજનાં સમાન સભ્ય તરીકે તમામ સાધનો અને સંસાધનોની શાંતિથી સમાન વહેંચણી કરીને ઉપયોગ કરે તથા ભવિષ્યની પેઢી માટે સુરક્ષિત રાખે. આ સંકલ્પનાને સાકાર કરવા માટે મહિલા સરપંચની ભૂમિકા નિભાવવા માટે તેનું વાસ્તવમાં સશક્તિકરણ થાય તે ખૂબ જરૂરી છે.

પંચાયતી રાજમાં 73મો બંધારણીય સુધારો મહિલાઓને સહભાગી થવાની તક પૂરી પાડે છે. જો કે ભારતીય ગ્રામીણ સમાજમાં સ્ત્રીઓની સહભાગીતાની સામે અનેક પડકારો છે. જેમ કે વ્યાપક, નિરક્ષરતા, પુરૂષનું પ્રભુત્વ, આર્થિક પરાવલંબન, લઘુતાગ્રંથિ, રૂઢિ અને પરંપરાઓ, જાહેર જીવનમાં સંકોચ અને ગભરાહટ જેવા અનેક પડકારોનો સામનો મહિલા સરપંચ કરી રહી છે. આ પરિસ્થિતિમાં લોકશાહી અને પંચાયતી રાજને મજબૂત અને સક્રિય બનાવવામાં મહિલા સરપંચનું સશક્તિકરણ અનિવાર્ય છે.

પંચાયતી રાજમાં સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ માત્ર સત્તાની ભાગીદારી માટે નથી પરંતુ જવાબદારીનાં યોગ્ય નિભાવ માટે છે. સ્ત્રીઓએ પોતાની નિષ્ક્રિય ભાગીદારીની જૂની પરંપરામાંથી બહાર આવી સક્રિય ભૂમિકા ભજવવા સશક્ત બનવું પડશે. આ હેતુ પૂર્ણ કરવા માટે પ્રશ્નોની સમજ કેળવવી પડશે. ઘરની ચાર દિવાલ તથા શેરીઓનાં સીમિત માહોલમાંથી બહાર નિકળી વિશાળ રાષ્ટ્રીય ફલક ઉપર આવવું પડશે. આનાથી પણ વિશેષ પોતાની સ્વતંત્ર સમજશક્તિ અને વૈચારિક શક્તિ વિકસાવવી પડશે. તે માટે જરૂર છે શિક્ષણની સાથે-સાથે આંતરસૂઝ, આત્મવિશ્વાસઅને સ્વતંત્ર નિર્ણયશક્તિ પણ એટલી જ જરૂરી છે. જે વાસ્તવમાં મહિલાને સશક્ત બનાવશે.

મહિલા સરપંચનું રાજકીય સશક્તિકરણ થાય તે ખૂબ જરૂરી છે. રાજકીય સશક્તિકરણનો ખરો અર્થ જ એ છે કે લોકશાહી પ્રથામાં ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયાથી લઈ સત્તા પ્રાપ્તિ સુધીની સફરમાં પોતે સશક્ત બને. માનસિક સજ્જતા કેળવે. કાર્ય પ્રત્યે પ્રતિબદ્ધ અને સજાગ બને. પોતાનું કાર્ય કરવા માટે માહિતી, જ્ઞાન અને કુશળતાઓ પ્રાપ્ત કરે. ઘરની અંદર અને ઘરની બહાર અવરોધતા અંતરાયોનો સામનો કરવા સક્ષમ બને. ઘરમાં તથા ઘરની બહારનાં ક્ષેત્રમાં અર્થપૂર્ણ પ્રદાન આપવા સમર્થ બને. જો કે તે માટે ઇચ્છાશક્તિ અને આર્થિક સ્વાવલંબન મહત્વની શરત છે.

મહિલા સરપંચનું આ પ્રકારનું સશક્તિકરણ તેનું રાજકીયકરણ થાય તે જરૂરી છે તે માટે સમાજમાં સામાજિક, રાજકીય, ધાર્મિક, આર્થિક અને વૈચારિક પરિવર્તનની જરૂર છે. આ વાતાવરણ

ઊભું થાય તો જ સ્ત્રીઓ ભયમુક્ત બની પોતાની ભૂમિકા ભજવી શકશે. મહિલા સરપંચને પણ પુરૂષોની સમાન સ્વતંત્રતા, સુરક્ષા, આર્થિક નિર્ભરતાનાં સાધનો ઉપલબ્ધ થવા જોઈએ. ઘર, સમાજ અને દેશમાં તેનાં વિચારો અને સારા કાર્યોની પહેલને સ્વીકૃતિ અને સન્માન મળવું જોઈએ. વળી, ભારત જેવા વિકાસશીલ દેશમાં જ્યાં સંસાધનો મર્યાદિત હોય, વસ્તીવૃદ્ધિ વધુ હોય, બેરોજગારીનું પ્રમાણ ઘણું હોય ત્યાં પંચાયતી રાજના ગ્રામીણ વિકાસની યાત્રામાં સ્ત્રી-પુરૂષે સાથે મળીને ચાલવું પડશે.

આ લક્ષ્યાંકોની પ્રાપ્તિ માટે મહિલા સરપંચોએ પોતે જ આગળ આવવું પડશે. પોતાની ઉપર થતાં અત્યાચારને વૈજ્ઞાનિક અને કાનૂની દ્રષ્ટિએ સમજીને અટકાવવા પડશે. પરંપરાગત મૂલ્યો અને ધાર્મિક માન્યતાઓમાં નવો દ્રષ્ટિકોણ વિકસાવવો રહ્યો. મહિલા સરપંચોએ પોતાની વ્યક્તિગત મર્યાદાઓને દૂર કરીને નવી ભૂમિકા માટે સજ્જતા મર્યાદાઓને દૂર કરીને નવી ભૂમિકા માટે સજ્જતા કેળવવી રહી. બાળકોનું સામાજિકરણ પણ યોગ્ય રીતે થશે તો જ સદીઓથી ઘર કરી ગયેલા  પિતૃસત્તાક મૂલ્યોનાં બંધનોમાંથી મુક્તિ મળશે. મહિલા સરપંચે પંચાયતી રાજને લગતી તથા અગત્યની અન્ય બંધારણીય જોગવાઈઓ, કાયદાકીય માહિતી, સરકારની યોજનાઓની જાણકારી રાખવામાં જિજ્ઞાસાવૃત્તિ રાખીને તત્પરતા દાખવવી પડશે. આ કરવામાં સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન ન બને તેનું પણ ધ્યાન રાખવું રહ્યું. આ માટે સ્ત્રીઓમાં સામુહિક જાગૃતિ અને સભાનતા કેળવાય તે ખૂબ જ જરૂરી છે.

તમામ સરપંચ મહિલાઓનું સશક્તિકરણ ત્યારે જ શક્ય બનશે જ્યારે ઘર અને સમાજમાં પરિવર્તન આવશે. દેશનાં આગેવાનો, અધિકારીઓ અને પદાધિકારીઓ, સમાજના સુધારકો તથા દેશ વાસીઓએ આ દિશામાં એ પ્રકારનું હકારાત્મક અને સુયોગ્ય વાતાવરણ ઊભું કરવું પડશે અને તો જ પંચાયતી રાજમાં મહિલાઓની સક્રિયભૂમિકા ભારતની સંસદીય પ્રણાલિને સુદ્રઢ કરવામાં મદદરૂપ થશે.

- સંદર્ભસૂચી :

**1.** ટીના દોશી " પ્રાચીનકાળમાં સ્ત્રી "  યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ.પ્રથમ આવૃત્તિ 2002.

2. ઇલા પાઠક " નારીવાદની નઝરે " પાર્શ્વ પબ્લિકેશન્સ,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,2002.

3. अजय पाटिल  "भारत में स्थानीय स्वशासन एवं महिलाएं", चंद्रलोक प्रकाशन,कानपुर,प्रथम संस्करण,2013.

4. सीमा सिंह “पंचायती राज और महिला सशक्तिकरण”, विद्याविहार,नई दिल्ली,प्रथम संस्करण,2010.
5.डी. बन्द्धोपाध्याय “महिला पंचायत सद्स्योका सशक्तिकरण” , कन्सेप्ट पब्लिशिंग कंपनी, नई दिल्ली.
6.व्यास “पंचायती राज में महिलाएं” पोईन्टर पब्लिशर्स,जयपुर,प्रथम संस्करण,2012.
7 शैलेन्द्र मौर्य “महिला राजनैतिक नेतृत्व एवं महिला विकास” , पोईन्टर पब्लिशर्स,जयपुर,प्रथम संस्करण,2011.
8. http://panchayat.gujarat.gov.in
9. http://ruraldev.gujarat.gov.in